# Official Spokesperson's response to media queries on COVID19 related drugs and pharmaceuticals

April 07, 2020

# કોવિડ-19 સંબંધિત દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સ પર મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

એપ્રિલ 07, 2020

**પ્રશ્નોનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું હતું:**

"કોવિડ-19 સંબંધિત દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સનાં મુદ્દા પર બિનજરૂરી વિવાદ ઉભો કરવા મીડિયાનાં અમુક વિભાગો દ્વારા કરવામાં કેટલાક પ્રયાસો અમે જોયા છે. કોઈપણ જવાબદાર સરકારની જેમ જ, અમારી પ્રથમ જવાબદારી એ બાબતની ખાતરી કરવાની છે કે આપણા પોતાનાં લોકોની આવશ્યકતા માટેની દવાઓનો પૂરતો જથ્થો હોય. આ બાબતની ખાતરી કરવા માટે, મોટી સંખ્યામાં ફાર્માસ્યુટિકલ્સ ઉત્પાદનોની નિકાસ પર પ્રતિબંધ મૂકવા માટે કેટલાક હંગામી પગલાઓ લેવામાં આવ્યા હતા. આ દરમિયાન, વિભિન્ન પરિસ્થિતિઓ અંતર્ગત સંભવિત આવશ્યકતાઓની વ્યાપક આકારણી કરવામાં આવી હતી. હાલમાં કલ્પના કરી શકાતી તમામ સંભવિત ઘટનાઓ માટે દવાઓની ઉપલબ્ધતાઓની પુષ્ટિ કર્યા બાદ, આ નિયંત્રણો મોટા પાયા પર ઉઠાવી લેવામાં આવ્યા હતા. DGFT દ્વારા ગઈકાલે 14 દવાઓ પરથી નિયંત્રણો ઉઠાવવાની સૂચના પાઠવવામાં આવી છે. પેરાસીટામોલ અને હાઈડ્રોક્સીક્લોરોક્વિન (HCQ) નાં સંબંધમાં, તેઓને લાયસન્સ ધરાવતી કેટેગરીમાં રાખવામાં આવશે અને તેઓની માંગની સ્થિતિ પર સતત દેખરેખ રાખવામાં આવશે. જોકે, જથ્થાની સ્થિતિ આપણી કંપનીઓને તેઓ કરારબદ્ધ થયા હતા તેવી નિકાસની કટિબદ્ધતાઓ પૂર્ણ કરવાની અનુમતિ આપી શકે છે.

કોવિડ-19 મહામારીની ભયંકરતાને ધ્યાનમાં રાખતા, ભારત હંમેશા એ બાબત પર અડગ રહ્યું છે કે આંતરરાષ્ટ્રિય સમુદાયે પ્રબળ એકતા અને સહકાર દર્શાવવા અનિવાર્ય છે. આ અભિગમથી અન્ય દેશોનાં નાગરિકોને સ્થળાંતરિત કરવાનાં આપણા કાર્યમાં માર્ગદર્શન પણ પ્રદાન થયું છે. આ મહામારીનાં માનવતાવાદી પાસાઓનાં દ્રષ્ટિકોણમાં, એવું નક્કી કરવામાં આવ્યું છે કે આપણી ક્ષમતાઓ પર આધાર રાખતા આપણા તમામ પાડોશી દેશોને યોગ્ય માત્રામાં પેરોસીટામોલ અને HCQ માટે ભારત લાયસન્સ આપશે. આપણે આ મહત્વપૂર્ણ દવાઓ એવા અમુક દેશોને પણ પૂરી પાડીશું જેઓ આ મહામારીથી ખુબ જ ખરાબ રીતે પ્રભાવિત થયા છે. તેથી અમે આ સંદર્ભમાં કોઇ સંદેશ વ્યક્ત કરવાની બાબત અથવા આ બાબતને રાજકીય બનાવવાનાં કોઈપણ પ્રયાસને નાહિંમત કરીશું."

**નવી દિલ્હી**
**એપ્રિલ 07, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.